| SAURASHTRA UNIVERSITY | | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી |
|---|---|---|
| Office of the Saurashtra University, University Road, RAJKOT- 360 005 | Accredited Grade "B" by NAAC | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય, યુનિવર્સિટી રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૫ |

ફોન : (૦૨૮૧) ૨૫૭૬૫૧૧, ૨૫૭૬૦૩૦/૪૦/૫૦ એક્સ્ટેંશન નંબર - *૭૩૯ – ૭૪૨ ફેક્સ નંબર : (૦૨૮૧) – ૨૫૮૬૪૧૧

Email: - cctvexamsur@sauuni.ac.in વેબસાઈટ www. saurashtrauniversity.edu


પરિપત્ર:

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં તમામ ભવનોનાં અધ્યક્ષશ્રીઓ તથા સંલગ્ન તમામ કોલેજો/સંસ્થાનાં આચાર્યશ્રીઓ/ટ્રસ્ટીશ્રીઓને જણાવવામાં આવે છે કે, કોલેજમાં CCTV Camera રાખવા ફરજીયાત છે. જે અંગે અત્રેથી અગાઉ સમયાંતરે પરિપત્ર કરવામાં આવેલ છે. CCTV Camera નું સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે લાઇવ મોનીટરીંગ સુપેરે થઇ શકે તે માટે કોલેજમાં જે વર્ગખંડોમાં પરીક્ષા લેવાતી હોય તેમના CCTV Cameraને જે DVR સાથે જોડેલા છે તે DVR ને Internet Connectivity (10 MBPS Fully Dedicated અથવા તેથી વધુ ક્ષમતાવાળી Bandwidth ઈચ્છનીય છે) આપી પરીક્ષાના સમય દરમ્યાન CCTV ચાલુ રહે તે અંગેની કાળજી લેવાની જવાબદારી કોલેજ આચાર્યશ્રીની રહે છે.

CCTV Camera System માટે જોઈતા Live/Static IP, Username, Password અને Port આપના પરીક્ષા કેન્દ્રમાં સત્રાંત પરીક્ષા શરૂ થવાના ઓછામાં ઓછા ૭ દિવસ પહેલા પરીક્ષા વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટને મળી રહે તેવી વ્યવસ્થા કરવી. જો ઉપરોક્ત વિગતો આપવામાં નહી આવે અને તેના કારણે પરીક્ષાના સમય દરમ્યાન Internet Connectivity નહી મળે તો જોડાણ વિભાગના જોડાણ અંગેના નિયમાનુસારની કાર્યવાહી હાથ ધરવામાં આવશે, જેની ખાસ નોંધ લેશો.

આગામી પરીક્ષા માટે CCTV Camera ભાડે લાવી કામગીરી ચલાવી લેવાની નથી. હજુ પણ જે પરીક્ષા કેન્દ્રોમાં CCTV Camera System ઉપલબ્ધ ન થઈ હોય તેમણે પણ કાયમી ધોરણે પરીક્ષાઓ દરમ્યાન CCTV નું યુનિવર્સિટી દ્વારા Monitoring થઇ શકે તે માટે જરૂરી Bandwidth (10 MBPS Fully Dedicated અથવા તેથી વધુ ક્ષમતાવાળી Bandwidth ઈચ્છનીય છે) ની લાઈન લઈ, Live/Static-IP, Username અને Password મેળવી યુનિવર્સિટીને મોકલી આપવાના રહેશે.

આથી સર્વેને વધુમાં જણાવવામાં આવે છે કે, આપનાં દ્વારા જો ઉક્ત માહિતી અપાયેલ ના હોય તો આપના ભવન/કોલેજ/સંસ્થાના Live/Static IP, Username, Password અને Port અને જરૂરી માહિતી તા.૧૦/૩/૨૦૨૧ સુધી www.saurastrauniversity.edu -> Exam -> CCTV Monitoring -> CCTV Exam Monitoring Form પર ઉપલબ્ધ ગુગલ ફોર્મમાં માહિતી અચૂક મોકલી આપે અન્યથા જોડાણ વિભાગના જોડાણ અંગેના નિયમાનુસારની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

આથી સર્વેને વિશેષમાં જણાવવાનું છે કે અત્રે થી પરીક્ષા પૂર્વે Testing માટે અને દરમ્યાન જ આપના CCTV કેમેરાનું મોનીટરીંગ કરવામાં આવે છે. તે સિવાયનાં કોઈપણ સમયે જરૂરીયાત ના હોય તો આપના CCTV કેમેરાનું મોનીટરીંગ કરવામાં આવતું નથી જ તેથી તે દરમ્યાનની અત્રેની કોઇજ કાનૂની જવાબદારી રહેશે નહી જે વિદિત થાય.

આપને ત્યાં કોઈપણ તકનીકી કારણોસર જો CCTV Camera ચાલુ ના હોય અથવા પાવર સપ્લાય ના હોય અને તેવા સંજોગોમાં PGVCLની સાથે પત્ર વ્યવહાર કરેલ હોય તો તેની નકલ આપના કારણ દર્શાવતા પત્ર સાથે બીડાણ કરી અત્રે સત્વરે Email કરશો અને તે સમય દરમ્યાનનું તમામ વર્ગખંડોનાં CCTV Cameraનું વિડીયો રેકોર્ડિંગ બે DVD નકલમાં અત્રે દિવસ ત્રણમાં મળી જાય તે રીતે મોકલી આપશો. કોઈપણ પ્રકારની કાનૂની પ્રક્રિયા દરમ્યાન અત્રેથી આપના સ્તરેથી જ્યારે પણ તમામ CCTV Cameraનું વિડીયો રેકોર્ડિંગ માગવામાં આવે ત્યારે છેલ્લા એક માસ સુધીનું વિડીયો રેકોર્ડિંગ રજૂ કરવાનું રહેશે.

અત્રેથી આપ સર્વેના સહકારની સંપૂર્ણ અપેક્ષા છે.

Email: - cctvexamsur@sauuni.ac.in

Toll Free No: -

કુલસચિવશ્રી

---

CCTV/૨૩૨/૨૦૨૧ તા.૦૯/૦૩/૨૦૨૧

પરીક્ષા સીસીટીવી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ,
રાજકોટ-૩૬૦ ૦૦૫

પરીક્ષા નિયામકશ્રી
(રવાના કર્યું)

પ્રતિ,

- સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં તમામ ભવનો/કોલેજો/સંસ્થાનાં આચાર્યશ્રી/ટ્રસ્ટીશ્રીઓ તરફ

નકલ રવાના :-

- માન. કુલપતિશ્રી / ઉપકુલપતિશ્રી / કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી તરફ
- પરીક્ષા નિયામકશ્રી, પરીક્ષા વિભાગ
- ડાયરેક્ટર, કોમ્પુટર સેન્ટર, વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવા અર્થે